ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

હુકમ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0739/B1

**<u>વંચાણમાં લીધાં :-</u>**

(૧) વિભાગની તા.૦૭/૧૦/૨૦૧૯ ની અધિસૂચના ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૩૬૮૯/બ-૧

(૨) વિભાગના તા.૧૯/૦૪/૨૦૧૬ નું જાહેરનામું ક્રમાંક: જીપી-૨૦૧૬ (પી)/આઈસીડી-૧૦૨૦૧૧-૪૨૫૬-બી

(૩) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) અમદાવાદનું તા.૨૬/૦૬/૨૦૨૪નું જાહેરનામું.

(૪) રાજ્યપત્રિત અધિકારીઓના(નોકરી પૂર્વેની તાલિમ અને પરીક્ષા) અંગેના નિયમો, ૧૯૭૦

(૫) આ વિભાગનો તા.૧૪/૧૦/૨૦૨૪ નો હુકમ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0739/B1

(૬) સુશ્રી ડોલી એન. દોશીની તા.૧૫/૧૦/૨૦૨૪ની રજૂઆત.

(૭) આ વિભાગનો તા.૨૭/૦૧/૨૦૨૫ નો હુકમ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0739/B1

(૮) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) અમદાવાદનું તા.૧૯/૦૫/૨૦૨૫નું જાહેરનામું

(૯) સામાન્ય વહીવટ વિભાગનું તા.૧૧/૦૯/૨૦૦૧ નું જાહેરનામું

<u>આમુખ:</u>

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) ની અધિસૂચનાથી સુશ્રી ડોલી નિલેશભાઈ દોશી (ક્રમાંક-૨૭) ને અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ તરીકે નિમણૂંક આપવામાં આવેલ હતી. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના જાહેરનામાંથી પ્રસિધ્ધ થયેલ બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ના ભરતી નિયમોના નિયમ-૬ મુજબ રાજ્યપત્રિત અધિકારીઓના(નોકરી પૂર્વેની તાલિમ અને પરીક્ષા) અંગેના નિયમો, ૧૯૭૦ અનુસાર પૂર્વ સેવા તાલિમાંત પરીક્ષા સુશ્રી ડોલી દોશીએ નિયત તકમાં પાસ કરવાની રહેતી હતી..

વંચાણે લીધાં (૩) થી રાજ્ય પત્રિત અધિકારીઓના પૂર્વ સેવા તાલિમાંત પરીક્ષાનું પરિણામ જાહેર થયેલ છે. વિભાગના વંચાણે લીધાં-(૫)ના હુકમથી સુશ્રી ડોલી એન. દોશી, બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ એ પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા સરકારશ્રી દ્વારા નિયત કરેલ તકમાં ઉતિર્ણ ન કરેલ હોઈ તેઓની બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ તરીકેની સેવાઓ સમાપ્ત કરવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધાં (૬) થી સુશ્રી ડોલી એન. દોશીએ પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા સરકારશ્રી દ્વારા નિયત કરેલ તકમાં ઉતિર્ણ ન કરેલ હોઈ પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા આપવા માટે કૃપા તક આપવા રજૂઆત કરવામાં આવેલ હતી.

વિભાગના વંચાણે લીધાં-(૭)ના હુકમથી સુશ્રી ડોલી એન. દોશીને પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા આપવા માટે કૃપા તકની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધાં-(૮) થી સુશ્રી ડોલી એન. દોશી, બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ની પૂર્વ સેવા તાલિમાંત પરીક્ષામાં કૃપા તકથી ઉતિર્ણ થયેલ છે તેથી તેમને સેવામાં પુન: સ્થાપિત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>હુકમ:</u>

સુશ્રી ડોલી નિલેશભાઈ દોશીને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ દ્વારા તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ પરિણામથી બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ની પૂર્વ સેવા તાલિમાંત પરીક્ષામાં કૃપા તકથી ઉતિર્ણ થયેલ હોઈ તેમને અજમાયશી બાળ વિકાસ યોજના અધિકારી તરીકે અને નીચેની વિગતોએ નિમણૂંક આપવામાં આવે છે:

| અ.નં. | કર્મચારીનું નામ | કચેરીનું નામ |
|---|---|---|
| ૧ | સુશ્રી ડોલી નિલેશભાઈ દોશી | પાલનપુર ઘટક-૨, જિ. બનાસકાંઠા |

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.07.08 11:41:42 +05:30

File No: WCDD/DRA/e-file/23/2024/0739/B1 Branch
Approved By: Deputy Secretary,B1 Branch,WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૨. વધુમાં, સુશ્રી ડોલી દોશી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧)ની અધિસૂચનાથી મળેલ પ્રવરતા ગુમાવશે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-(૯) અનુસાર સુશ્રી ડોલી દોશીની નવી પ્રવરતા પરિણામ પ્રસિધ્ધ થયા તારીખ સમયની રહેશે. ઉપરાંત, વિભાગની વંચાણે લીધેલ ક્રમાંક-(૧) ની અધિસૂચનાની નિમણૂંકની અન્ય શરતો યથાવત રહેશે.

૩. સદર હુકમ મળ્યેથી સુશ્રી ડોલી દોશીએ દિન-૧૦ માં નિમણૂંકના સ્થળે હાજર થવાનું રહેશે અને તેની અત્રે જાણ કરવાની રહેશે.

૪. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૪/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ હુકમ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-signed**

આર. આર. પ્રજાપતિ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

1. માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.બનાસકાંઠા તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ
5. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.બનાસકાંઠા
6. સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી.(આઈસીડીએસ કચેરી મારફત)
7. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.07.08 11:41:42 +05:30